જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૨/૨૦૧૫ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧૪/૧૫</u>**

**<u>ખોટા દસ્તાવેજો આધારે સીમકાર્ડો મેળવી તે સીમ કાર્ડ પોતાના આર્થિક ફાયદા સારૂ અન્ય વ્યકિતઓને વેચાણ કરતી ટુકડીના ચાર સભ્યોને અસંખ્ય સીમકાર્ડ તથા અસંખ્ય બોગસ આઈ.ડી.પ્રુફ સાથે પકડી લેતી ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર માં કેટલાક દુકાનદારો જુદી-જુદી મોબાઇલ કંપની ના સીમકાર્ડ જુદી-જુદી વ્યકિતઓના આઈ.ડી.પ્રુફ જેવા દસ્તાવેજો આધારે ખોટી રીતે મેળવી લઈ આવા ખોટા નામે સીમકાર્ડ મેળવી, પોતાના આર્થિક ફાયદા સારૂ આવા સીમ કાર્ડ અન્ય વ્યકિતઓને કોઇપણ જાતના ડોકયુમેન્ટ વગર વેચાણ કરતાં હોય છે. અને આવા સીમકાર્ડ ગુન્હેગારો ગંભીર પ્રકારની ગુનાહીત પ્રવૃતિ જેવી કે આંતકવાદી પ્રવૃતિ, શરીર સબંધી તેમજ મિલકત સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ તેમજ હાલમાં ચાલી રહેલ ક્રિકેટ વર્લ્ડ કપ દરમ્યાન ક્રિકેટની મેચ પરના સટ્ટાબેટીંગની પ્રવૃતિ માટે ઉપયોગ કરતાં હોય છે. જેથી આવા દુકાનદારોની માહીતી મેળવી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઈમબ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૨/૨/૨૦૧૫ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ તથા પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી નાઓની ટીમના સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મ.સ.ઈ.મહાવિરસિંહ ગુમાનસિંહ નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે પાલડી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે આવેલ પાલડી સ્ટોર નામની દુકાનમાં સદર દુકાનના કબ્જેદાર દિગ્વિજય ખુમાનસિંહ જાડેજા નાઓ કોઇપણ મોબાઇલ ફોન કંપનીના કોઇ એજન્ટ કે ડીલર ન હોવા છતાં એરટેલ કંપનીના સીમકાર્ડ નંગ – ૫૩૮ કુલ કિ.રૂ.૧૦,૭૬૦/ ના સાથે મળી આવતાં જે મુદ્દામાલ સી.આર.પી.સી. ૧૦૨ મુજબ કબજે કરી સદરી વિરુધ્ધ સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ **<u>આરોપી દિગ્વિજયસિંહ ખુમાનસિંહ જાડેજા</u>** નાઓની પુછપરછ દરમ્યાન આ એરટેલ કંપનીના સીમકાર્ડ એકટીવેટ કરવા સારુ પોતાને સંજય ચંદ્રકાંત શેઠ રહે- મોટેરા સાબરમતી નામનો માણસ ઈલેકશન કાર્ડ તથા ડ્રાઈવીંગ લાયસન્સ અને આધાર કાર્ડ જેવા બોગસ દસ્તાવેજો તે શુકન ચાર રસ્તા નિકોલ ખાતે આવેલ મૈત્રી રેફરીજરેશન નામની દુકાન ધરાવતાં **<u>અજય જયંતીભાઈ ગજેરા તથા તેના ભાગીદાર રાકેશ રાઘુભાઈ પટેલ</u>** નાઓ પાસેથી લાવી પોતાને આપતો હોવાની હકીકત જણાવેલ.

જે આરોપીની કબુલાત આધારે શુકન ચાર રસ્તા નિકોલ ખાતે આવેલ મૈત્રી રેફરીજરેશન ખાતેની દુકાનમાં તપાસ કરતા સદર દુકાનના કબ્જેદાર **(૧) અજય જયંતીભાઈ ગજેરા ઉ.વ. ૨૯ રહે. એ/૧ રાજારામ એપાર્ટમેન્ટ જીવનવાડીની પાછળ નિકોલગામ રોડ નિકોલ અમદાવાદ શહેર તેમજ (૨) રાકેશભાઈ રાઘવભાઈ પટેલ ઉ.વ. ૩૪ રહે. ૨૨/૧૭૫ સર્વોદયનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોખરા અમદાવાદ શહેર તથા અન્ય ત્રીજી વ્યક્તિ (૩) સંજયકુમાર ચંદ્રકાંત શેઠ ઉ.વ. ૪૦ રહે. બી/૪૩ મનાલી ફ્લેટ આશારામ આશ્રમ ચોકડી પાસે મોટેરા સાબરમતી અમદાવાદ** નાઓ હાજર મળી આવેલ. અને તેઓ પાસેથી કેટલાક ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધાર કાર્ડ જેવા અલગ અલગ નામવાળા આઈ.ડીપ્રુફો ની ઝેરોક્ષ નકલો મળી આવેલ અને બીજા આઈ.ડી.પ્રુફ અને ફોટો પોતાના કોમ્પ્યુટરમાં આશરે ૪૦૦૦ હજાર જેટલા હોવાનુ જણાવતાં નીચે મુજબ કબજે કરવામાં આવેલ છે.

(૧) અલગ અલગ નામ-સરનામા તથા પાસપોર્ટ ફોટો વાળા ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધારકાર્ડ નંગ-૨૦૪ છે.

(૨) કોમ્પ્યુટર નંગ-૧ કિ.રૂ. ૨૦,૦૦૦/- નુ.

(૩) કોમ્પ્યુટરનુ ઈન્કજેટ મલ્ટીફકશન પ્રિન્ટર નંગ-૧ કિ.રૂ. ૧૦,૦૦૦/- નુ

તેમજ સદર દુકાનમાં હાજર સંજયકુમાર ચંદ્રકાંત શેઠ પાસેથી બીજા અસંખ્ય ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધાર કાર્ડ જેવા અલગ અલગ નામના આઈ.ડીપ્રુફો ની ઝેરોક્ષ નકલો તથા ટાટા ડોકોમો કંપનીના કોરા સી.એ.એફ. ફોર્મ આઈ.ડી.પ્રુફની નક્લો સાથે મળી આવેલ જે બાબતે સદરી સંજય કુમાર શેઠને પુછતાં આ બોગસ આઈ.ડી.પ્રુફ પોતે આ દુકાનવાળા અજય ગજેરા તથા રાકેશ પટેલ પાસેથી મેળવેલ હોવાનુ અને આ બોગસ આઈ.ડી.પ્રુફ પોતે આરોપી દિગ્વિજય જાડેજાને તેની જરૂરીયાત મુજબ વેચતો હોવાનુ જણાવેલ જેના કબ્જાના નિચેની વિગતેના દસ્તાવેજો કબ્જે કરવામાં આવેલ.

(૪)અલગ અલગ નામ-સરનામા તથા પાસપોર્ટ ફોટો વાળા ઈલેકશન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ તથા આધારકાર્ડ નંગ-૬૭૩ છે. તે તથા

(૫) અલગ અલગ નામસરનામા વાળા તથા પાસપોર્ટ ફોટાવાળા ડુપ્લીકેટ આઈ.ડી.પ્રુફની નકલો સાથેના ટાટા ડોકોમો કંપનીના સી.એ.એફ.ફોમ નંગ-૨૦

એ રીતેના ઉપરોક્ત તમામ એકટીવેટ કરેલ એરટેલ કંપનીના સીમકાર્ડનંગ-૫૩૮ તથા બોગસ આઈ ડી પ્રુફ નંગ-૮૭૭ તથા આઈ.ડી.પ્રુફની નક્લો સાથેના ટાટા ડોકોમો કંપનીના કોરા સી.એ.એફ. ફોર્મ નંગ-૨૦ તથા કોમ્પ્યુટર નંગ-૧ તથા પ્રિન્ટરનંગ-૧ મળી કુલ્લે રૂ.૪૦૭૬૦/-નો મુદામાલ આ કામે કબ્જે કરી પકડાયેલ તમામ આરોપીઓ વિરૂદ્ધમાં ઈપીકો કલમ ૪૦૬,૪૧૯,૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧, તથા ૧૨૦(બી) મુજબ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ છે.

આરોપીઓ પાસેથી મળી આવેલ અલગ-અલગ નામવાળા વ્યક્તિઓના આઈડી પ્રુફ તેમજ સીમકાર્ડ કેવી રીતે મેળવેલ છે. આવા બોગસ આઈડીપ્રુફ આધારે કઈ રીતે સીમકાર્ડો મેળવવામાં આવે છે આવા સીમકાર્ડો આરોપીઓએ અગાઉ કોઈ ઈસમોને આપેલ છે કે કેમ? આવા સીમકાર્ડોનો કોઈ આંતકી પ્રવુતિ અગર બીજા કોઈ ગંભીર પ્રકારના ગુન્હાઓમાં ઉપયોગ થયેલ છે કે કેમ? તેમજ બીજા કેટલા ઇસમો આ પ્રવૃતિમાં સંડોવાયેલ છે. વિગેરે ઝીણવટપુર્વકની આગળની તપાસ તજવીજ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ તથા પો.સ.ઇ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓ ચલાવી રહેલ છે.

**<u>કલોલના ઇસમને બનાવટી ડ્રાઈવીંગ લાયસન્સ, માર્કશીટ સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ,</u>**

ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના માર્ગદર્શન આધારે ટીમના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એ.પી.ચૌધરી, પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે તા.૧૩/૨/૨૦૧૫ નારોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમિયાન અ.પો.કોન્સ. વિજયસિંહ અદેસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સુભાષબ્રીજ સર્કલ પાસેથી આરોપી કૌશીક ઉર્ફે પીન્ટુ ઠાકરશીભાઇ માંડલીયા (સોની) ઉ.વ.૩૬ રહે. ૯, વ્રજભુમી રો-હાઉસ, મેલડી માતાજીના મંદીર પાસે, પંચવટી, ગામ. બોરીસણા તા. કલોલ જી. ગાંધીનગર ને મારુતી ઝેન કાર સાથે રોકી લઈ જરૂરી કાર્યવાહી કરી તેની ઝડતી તપાસ કરતા તેના કબ્જામાંથી અલગ અલગ નામના ડુપ્લીકેટ/બનાવટી ડ્રાઈવીંગ લાયસન્સ નંગ-૩, ડુપ્લીકેટ/બનાવટી માર્કશીટ નંગ-૧ ભવિષ્યમાં તેનો ખરા તરીકે ઉપયોગમાં લેવાના હેતુથી રાખી લઈ મળી આવતા બનાવટી ડોક્યુમેન્ટ, મોબાઈલ ફોન તથા કાર મળી કુલ કિ.રૂ.૭૫,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ કબ્જે કરી સદર ઈસમની તા.૧૩/૨/૨૦૧૫ નારોજ ધરપકડ કરવામાં આવેલ છે.

સદર ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે. સદર ઇસમની પુછપરછ દરમિયાન અગાઉ સને-૨૦૦૪ માં ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર ખાતે તેમજ સને-૨૦૧૪માં કલોલ પોલીસ સ્ટેશન ખાતે ડુપ્લીકેટ માર્કશીટ બનાવવાના કેસમાં પકડાયેલ હતો. જે કેસમાં છ મહિના જેલમાં રહી જામીન ઉપર છુટેલ છે.

**<u>છોકરીનાં પ્રેમમાં ખર્ચ વધી જતા ચોરીના રવાડે ચડેલ શિક્ષીત યુવાનને એક એક્ટીવા તથા એક બજાજ ડીસ્કવર મોટર સાયકલના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ચોરીના બે ગુના ડીટેક્ટ કરતી અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ</u>**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી, એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા પ્રહ્લાદનગર ગાર્ડન ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કોન્સ. ચેતનકુમાર રામુભાઇ તથા પો.કોન્સ. અનવરખાન પીરખાન નાઓની બાતમી આધારે દિક્ષીત ઉર્ફે જાગુ S/O પવનકુમાર માણેકલાલ જાતે જૈન ઉવ.૨૪ ધંધો:નોકરી રહે, મ.નં.૨૪, હીરાબાગ સોસાયટી, વિભાગ-૨, શંકરભાઇ રબારીના મકાનમાં, સી.પી.નગર પાસે, ઘાટલોડિયા, અમદાવાદ નાનો મળી આવેલ. સદરી પાસેનું એક્ટીવા જોતાં ગ્રે કલરનું જેનો આર.ટી.ઓ. નંબર જોતાં જી.જે.૨૭.એ.સી.૭૮૬૭ નો છે. જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય. સદરી ઇસમને એક્ટીવા બાબતે પુછતાં આજથી ચારેક માસ અગાઉ વિનશ એટલાન્ટીસ ના પાર્કિંગમાંથી ચોરેલાનું તથા ઘાટલોડિયા દેવાલય પ્લાઝામાં પાર્કિંગમાં એક બજાજ ડીસ્કવર નંબર જી.જે.૦૧.પી.બી.૯૪૩૫ નું ચોરેલ અને વિનશ એટલાન્ટીસ ના પાર્કિંગમાં પાર્ક કરી મુકી રાખેલ નું જણાવેલ. જેથી સદરી જગ્યાએ તપાસ કરતાં બજાજ ડીસ્કવર નંબર જી.જે.૦૧.પી.બી.૯૪૩૫ નું મળી આવેલ. જેની કિ.રૂ.૨૫,૦૦૦/- ગણાય. જેથી સદરી એક્ટીવા બાબતે આનંદનગર પો.સ્ટે. તપાસ કરતાં આનંદનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૫/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯ તથા બજાજ ડીસ્કવર બાબતે ઘાટલોડિયા પો.સ્ટે. ખાતે તપાસ કરતાં ઘાટલોડિયા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૬/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરહું આરોપીને આજરોજ તા.૧૪/૦૨/૧૫ ના કલાક ૧૨/૫૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ અટક કરવામાં આવેલ.

સદરહું એક્ટીવા તથા બાઇક સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ છે. વધુ તપાસ અર્થે આરોપી તથા કાગળો આનંદનગર પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદરી ઇસમ આઇડીયા સેલ્યુલર કંપની, પ્રહલાદનગર ખાતે ઉંચા પગારે નોકરી કરે છે. સદરી ઇસમ ડીપ્લોમાં સી.સી.એન.એ. જેટલો અભ્યાસ કરેલ છે. પ્રેમનાં રવાડે ચડ્યા બાદ પૈસાની ખુટી પડતા સદરી ઇસમે પોતાના ઘરમાંથી સોના-ચાંદીના દાગીનાની ચોરી કરેલ તેમજ સોસાયટીમાં રહેતા એક બહેનનો ચેક ચોરી રૂપિયા ૪૫ હજાર ઉપાડી લીધેલ અને દેવું વધી જતાં ચોરીના રવાડે ચડેલ છે.

**<u>અમદાવાદશહેર વિસ્તારમા લુંટ કરવાના ઇરાદે આવતા ડફેર ગેંગના સાગરીતને બંદુક સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં ગેર કાયદેસર હથિયારો રાખી ફાયરીગ કરી લુટ બનાવો બનેલ હોય, તે ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા ના સ્કોડ્ના પો.સ.ઇન્સ. શ્રી એસ.બી.ઝાલા નાઓ અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન બાતમી હકિકત આધારે નારોલ સરખેજ હાઇવે શાસ્ત્રીબ્રીજના પૂર્વ છેડે ઢાળ ઉતરતાં ડાબી બાજુ બાવળની જાડીમાંથી આરોપી જુમ્મા S/O રમજાન જાતે રાઠોડ (સંન્ધી) ઉ.વ.૪૦ રહે, ગામ- રાણીસર તા. સાંતલપુર જી.પાટણ નાની પાસેથી ગેર કાયદેસર હથિયાર પરવાના વગર હાથ બનાવટની દારુગોળો ભરવાવાળી જામગરી એક નાળવાળી બંદુક કિ.રૂ.૨,૦૦૦/- સાથે મળી આવતાં પકડી અટક કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીની પુછ પરછ કરતાં આરોપી ડફેર કોમનો છે. જે તેનાં વતનમાં અવાવરુ જગ્યાઓએ ઉગેલ બાવળનાં ઝાડો કાપી તેને બાળી કોલસા બનાવી વેચાવાનું કામ કરે છે. સદરી આરોપી પોતાની ગેંગમાં પોતે તથા ઇસો આમન તથા નિફલ જાકાબ તથા પુના આલુ તથા લોંગ તયુબ એ રીતેનાં ચારેય જણાઓ ભેગા મળી પોતે રોઝનો શિકાર જામગરી દોરી વાળી બંદુક વડે કરી તેનુ મટ્ન ગામ લોકોને આપી દેતા હતાં. તેમજ ભચાઉ હાઇવે ઉપર રાત્રી દરમ્યાન હોટલ ઉપર ટ્રકો ઉભી રાખી ડ્રાયવરો આરામ કરતાં હોય તેઓનાં પેન્ટનાં ખિસ્સાને બ્લેડ વડે ચીરો મારી ખિસ્સામાં મુકેલ રોકડ રૂપિયાઓની ચોરીઓ કરેલ છે. તેમજ ટ્રકોની ડીઝલની ટાકીમાંથી ડીઝલની ચોરીઓ કરેલાની કબુલાત કરેલ છે. તેમજ સદરી આરોપી બે વર્ષ પહેલા ભચાઉ હાઇવે ઉપર પોતે સહ આરોપીઓની સાથે રહી પેટ્રોલ પંપ ઉપર રોક્ડ રુપિયા ની લુટ કરેલ. જેમાં એક માસ પછી ભુજ એલ.સી.બી. નાં માણસોએ પકડી ભચાઉ પો.સ્ટેશનમાં સોપેલ હતો. તેમજ સદરી આરોપી અંજાર પો.સ્ટેશન તથા ગાંધીધામ પો,સ્ટેશનમાં ચોરીનાં ગુન્હામાં વોન્ટેડ છે.

ગયા ઉનાળામાં રાતનાં એકથી દોઢનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી ગાંધીધામ મીઠી રોહર પહેલા હાઇવે રોડ ઉપર ટ્રકવાળાનાં ખિસ્સામાંથી રોક્ડ રુપિયા તથા સફેદ કલરનાં ટચ સ્કીનનાં મોબાઇલ ફોનની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં અઢી થી ત્રણનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી ભચાઉથી સામખીયારી રોડ ઉપર પેટ્રોલ પંપ પાસે ટ્રકવાળાનાં ખિસ્સામાંથી રોક્ડ રુપિયા તથા કાળા કલરનું ટ્ચ સ્કીનનો સેમસંગ મોબાઇલ ફોનની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં ચાર વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી સામખીયારી ટોલનાકા પાસે સુતેલા ડ્રાયવરનાં પેન્ટનાં ખિસ્સામાંથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં પાંચ વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી સામખીયારી થી મોરબી તરફ જતાં હાઇવે રોડ ઉપર ટાટા ૪૦૭ ગાડીનાં ડ્રાયવર પાસેથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં ત્રણેક વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી રોડ ઉપર સામખીયારી થી મોરબી તરફ જતાં રોડ ઉપર પડેલ ટ્રક ડ્રાયવરનું ખિસ્સુ છરીથી કાપી રોક્ડ રુપિયા તથા નોકિયા કંપનીનો મોબાઇલ ફોનની ચોરી કરેલ છે. તેમજ ત્રણ મોટા ટ્રકની ડીઝલની ટાકીમાંથી ૧૩ કેરબા (૩૫ લીટર) નાં ભરી ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં સમયે પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી સામખીયારી થી રાધનપુર રોડ ઉપર લાકડીયા હોટલ પાસે ટ્રક ડ્રાયવર તરફ પાસેથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં અઢી વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી સામખીયારી થી રાધનપુર રોડ ઉપર ગાંગોદર ગામ પાસે મોટી ટ્રકનાં ડ્રાયવર પાસેથી રોક્ડ રુપિયા તથા G-5 મોબાઇલ ફોનની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં સાડા ચાર વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી સાંતલપુર ટેકરાવાળી હોટલ પાસે ટ્રક ડ્રાયવરના ખિસ્સામાથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં સમયે પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી વારાહી થી ૮ કિ.મી. દુર દહીગામનાં પાટીયા પાસેથી રોડની સાઇડમાં પાર્ક કરેલ ટ્રક ડ્રાયવરનાં ખિસ્સામાથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં અઢી વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી વારાહી ટોલના પાસે પાર્ક કરેલ ટ્રક ડ્રાયવરનાં ખિસ્સામાથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ગયા ઉનાળામાં રાતનાં સાડા ત્રણ વાગ્યાનાં આશરામાં પોતે તથા લોંગ તયુબ તથા ભુરા મૈયા તથા સદામ નાઓ ભેગા મળી રાધનપુર ભાભર ચાર રસ્તા પાસે પાર્ક કરેલ ટ્રક ડ્રાયવરનાં ખિસ્સામાથી રોક્ડ રુપિયા ની ચોરી કરેલ છે.

ઉપરોક્ત પકડાયેલ આરોપીની વધુ પુછપરછ કરી આવા બીજા કેટલા ગુના કરેલ છે તે દીશામાં તથા મળી આવેલ બંદૃક સીવાય અન્ય હથિયારો છે. કે કેમ ? મળી આવેલ હથિયારનો કોઇ જગ્યાઓએ ઉપયોગ કરેલ છે. કે કેમ ? તે દિશામાં તપાસ પોલીસ સબ. ઇન્સ. શ્રી એસ.બી,ઝાલા નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.